મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૨ ડીગ્રી
ભેજ
સવારે ૪૯ ટકા ● સાંજે ૨૯ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરના આઈસ્ક્રીમ પાર્લરો પર વિદ્યાર્થીઓની ભારે ભીડ

ગાંધીનગર, તા.૨૫

આજે શહેરમાં ધોરણ-૧૦ની પરિક્ષા પૂર્ણ થતા જ નગરના આઈસ્ક્રીમ પાર્લરો પર વિદ્યાર્થીઓની ભારે ભીડ જોવા મળી હતી. વિદ્યાર્થીઓ પોતાના મિત્રો સાથે આઈસ્ક્રીમની લિજ્જત માણતા નજરે પડયા હતા. પરિક્ષા પૂર્ણ થતા જ જાણે માથા પરથી ભાર ઓછો થયો હોય તેવા હાવભાવ સાથે મુકતમને મિત્રો સાથે ચર્ચા અને વિચારણા કરતા જોવા મળ્યા હતા. જયારે કેટલાક મિત્રોએ રવિવારની રજાને અનુલક્ષીને ફરવા સાથે પિકચર જોવાનું પણ ગોઠવી દીધુ છે.

સમગ્ર રાજયમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૦ અને ૧૨ની પરિક્ષા ચાલી રહી છે. જેમાં ધો-૧૦ની પરિક્ષાનું આજે અંતિમ પેપર હોવાથી વિદ્યાર્થીઓ અલગ મુડમાં દેખાતા હતા. છેલ્લા એક વર્ષથી અભ્યાસકીય પ્રવૃતિ સિવાય બીજી કોઈ ઈતર પ્રવૃતિ પર ધ્યાન ન દેનાર વિદ્યાર્થીઓ આજે પરિક્ષા પુરી થતા હાશકારો અનુભવ્યો હતો. છેલ્લુ પેપર હોવાથી કેટલાક વિદ્યાર્થીઓએ આગોતરુ આયોજન કરીને કયાં જવાનું છે અને શું નાસ્તો મિત્રોએ એકઠા થઈને કરવાનો છે તે સહિતની યાદી અગાઉથી તૈયાર કરી દીધી હતી. ઉનાળાની કાળઝાળ ગરમીને અનુલક્ષી મોટાભાગના વિદ્યાર્થીઓ ભાઈ બહેનોના ગ્રુપે આઈસ્ક્રીમ પર પસંદગીનો કળશ ઢોળ્યો હતો. જેથી

શહેરના શાળા સંકુલની આસપાસ આવેલા તમામ પાર્લર પર બપોરે વિદ્યાર્થીઓની ભારે ભીડ જોવા મળી હતી. જેમાં શહેરની સૌથી મોટી શૈક્ષણિક સંસ્થાઓ ઘ માર્ગ પર હોવાથી ઘ માર્ગ પર આવેલા તમામ સ્થળોના પાર્લરો વિદ્યાર્થીઓથી ભરપુર હતા. પરિક્ષા પુરી થતા માથા પરથી કોઈ ભાર હળવો થયો હોય તેવી અનુભુતી સાથે વિદ્યાર્થીઓ મોજ માણતા નજરે પડ્યા હતા. જયારે આવતીકાલે રવિવારની રજાનો સંયોગ સર્જાતા પરિવાર સાથે પિકચર જોવાનું પણ કેટલાક વિદ્યાર્થીઓએ ગોઠવી દીધુ છે. જેને પગલે સિનેમાઘરોમાં પણ રવિવારે હાઉસફુલના પાટીયા લાગી જાય તો નવાઈ નહીં. જયારે માતા-પિતાએ પણ છેલ્લા એક વર્ષથી શાળા અને ટયુશનમાં જોતરાયેલા પોતાના લાડકવાયા છોકરા કે છોકરીને મુકતમને હસતા જોઈ આનંદિત થઈ ગયા હતા.

આઈ લવ માય ગાંધીનગર

રમેશભાઈ મ પટેલ
સહપ્રાધ્યાપક
ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા

ગાંધીનગર ગમે

સમચોરસ ગૂંથણીમાં ગોઠવાયેલું, હરિયાળું, શુદ્ધ પ્રકાશ, પવન, પાણી અને પર્યાવરણથી સભર હોવાને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

નગરજનો

પચરંગી પ્રજાનો અહીં વસવાટ છે. ન પ્રાંતવાદ, ન કોમવાદ, ન જ્ઞાતિવાદ. એક દિવાલને અડકીને રહેતા નગરજનોમાં વિવિધતામાં એકતાનાં દર્શન થાય છે. સેવા, સમર્પણ, સંયમના સદગુણોથી મહેકતા નગરજનો ગાંધીનગરમાં વસે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

આર્ષ પ્રવચન માળા, મહાત્મા મંદિરનું ગાંધી પ્રદર્શન, પુનિત વન, ઈન્દ્રોડા પાર્ક, વન પ્રસારણ સંસ્થા ગમે. કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર કલ્ચરલ ફોરમની પ્રવૃત્તિ ગમે.

નગરને બહેતર બનાવવા

ભ્રષ્ટાચાર સામે લડત આપવી જોઈએ. ગાંધીના નામે રચાયેલા આ નગરમાં ગાંધીજીનાં એકાદશ વ્રતોનું નમ્રપણે દૃઢ પાલન થાય એ જરૂરી છે.

નગર માટે હું કરી શકું

સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓ, વિવિધ મંડળો સાથે રહી પર્યાવરણની સુરક્ષા માટે, વૃક્ષારોપણ-ઉછેરની કામગીરી કરવા, સફાઈ કાર્ય કરવા હું સદાય તત્પર છું.

@ગાંધીનગર

● શહેરના સેકટર-૫-એ અંબા માતાજી મંદિર, પ્રેરણા વિદ્યાલય સામે તેજ આઈ સેન્ટર દ્વારા ફ્રી આઈ ચેક અપ કેમ્પ સવારે ૧૦ થી ૧ કલાક દરમિયાન યોજાશે.

● જૈન સોશ્યલ ગ્રુપ ગાંધીનગરના વર્ષ ૨૦૧૭-૧૮ના નવનિયુકત પ્રમુખ વી.બી. શાહ તથા તેમની ટીમનો શપથવિધી સમારોહ સે-૧૨ આંબેડકર હોલ ખાતે સવારે ૧૦ કલાકે યોજાશે.

● પંચદેવ મંદિર સે-૨૨ ખાતે બપોરે ૩ કલાકે એકલીંગજી ભગવાનનો પાટોત્સવ ઉજવાશે.

● ફાઈટ ફોર રાઈટના બેનર હેઠળ ૧૧ માસના કરાર આધારીત કર્મચારીઓ સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે બપોરે ૧૨.૩૦ કલાકે એકત્ર થશે.

● શહેરના સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે આપ પાર્ટીની સભા યોજાશે.

બીસીએ કોલેજમાં વાર્ષિક મહોત્સવ સાથે ઉજવાયો "ભય મુક્ત જીવન"નો સેમિનાર

ગાંધીનગર, તા.૨૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ-બીસીએ અને પીજીડીસીએના વિદ્યાર્થીઓને તેમના દ્વારા વર્ષ દરમિયાન વિવિધ ક્ષેત્રે કરેલી પ્રગતિને બિરદાવતા વાર્ષિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના ડાયરેક્ટર ડો. સંજય શાહ દ્વારા વિદ્યાર્થીઓ અને મહેમાનોનું સ્વાગત તથા કોલેજના વાર્ષિક અહેવાલનું વાંચન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહેમાન તરીકે માનનીયશ્રી ડો. નલિન જાની અને કેમ્પસ ડાયરેક્ટર ડો. સોમભાઈ પટેલે ઉપસ્થિત રહી આશીર્વચન આપ્યા હતા. આ કાર્યક્રમમાં વિવિધ ૯ કેટેગરીમાં કુલ ૨૪ વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સાથે છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરની બી.સી.એ. કોલેજ દ્વારા વિદાય સમારંભ વિશિષ્ટ રીતે ઉજવી એક નવો ચીલો ચાતર્યો છે. આ વર્ષે છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ પોતાનો સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ પુરો કરીને જ્યારે ઉચ્ચ અભ્યાસ માટે કે નોકરી માટે આગળ વધી રહ્યા છે ત્યારે કલ્ચરલ પ્રોગ્રામને બદલે ગુજરાતનાં ખ્યાતનામ મોટીવેશનલ સ્પીકર શ્રી સંજય રાવલના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી સંજય રાવલે પોતાના વક્તવ્ય દ્વારા વિદ્યાર્થીઓના જીવનમાં ઉત્સાહ અને જોશ ભરી દીધો હતો. પોતાના વકતવ્યમાં તેઓએ વિદ્યાર્થીઓને મનુષ્ય જીવનના ચાર

તબક્કાઓ ધર્મ, અર્થ, કામ અને મોક્ષને ખુબ જ સરળ અને સચોટ રીતે વિદ્યાર્થીઓને સમજાય તે રીતે જણાવ્યુ હતું. છેલ્લા પાંચ વર્ષમાં સાડા સાતસોથી પણ વધુ સેમિનાર કરનાર સંજય રાવલે ખૂબ ભાર પૂર્વક વિદ્યાર્થીઓને જણાવ્યુ હતું કે જીવનમાં ભય છોડી દેશો તો જ સફળતા મળશે અને સાથે સાથે એક સૂત્ર સમજવ્યું હતું કે ખૂબ જ વ્યાયામ (કસરત) કરો અને ખુબજ વાંચન કરો, આ બંને કરવાથી તન અને મન બંને તંદુરસ્ત રહેશે. આમ પોતાના વક્તવ્ય દ્વારા તેઓએ સતત બે કલાક સુધી વિદ્યાર્થીઓને જીવન આગળ આવવા માટેના ખુબજ સરળ શૈલીમાં પાઠ ભણાવ્યા હતા.

કોલેજ દ્વારા છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ માટે કંઈક વિશિષ્ટ રીતે ઉજવાયેલા આ ફેરવેલનું આયોજન કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ. શાહના માર્ગદર્શન હેઠળ સમગ્ર કોલેજ પરિવાર વતી સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. જૈમિની કુલકર્ણીએ તેમની આગવી શૈલીમાં કર્યું હતું. આ કાર્યક્રમના અંતે ડૉ. અભિજીતસિંહ જાડેજાએ આભાર વિધિ કરી સૌનો આભાર માન્યો હતો.

સિવિલના ઓર્થોપેડીક વિભાગમાં એક વર્ષમાં ૧૪૭૫ ઓપરેશન થયા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઓર્થોપેડીક વિભાગમાં એક વર્ષમાં કુલ-૧૪૭૫ દર્દીઓના ઓપરેશન થવા પામ્યા છે. જેમાં ડોક્ટર દ્વારા ૧૦૯૩ દર્દીઓના મેજર અને ૩૮૨ દર્દીઓના માઈનોર ઓપરેશન કરવામાં આવ્યા છે. જયારે મેજર ઓપરેશન સૌથી વધુ જુન માસમાં અને સૌથી ઓછા માર્ચ માસમાં નોંધાયા છે. તો બીજી તરફ માઈનોર ઓપરેશનમાં સૌથી વધુ જુલાઈ તેમજ સૌથી ઓછા ઓકટોબર માસમાં ઓપરેશન થવા પામ્યા છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સંચાલિત ગાંધીનગર જનરલ હોસ્પિટલમાં દર્દીઓનો ભારે ધસારો રહે છે. સાત દિવસ ચોવીસ કલાક હોસ્પિટલ ધમધમતી રહે છે. દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં વધારો થતા જિલ્લાના દર્દીઓ માટે હોસ્પિટલ આશિર્વાદરુપ સાબિત થઈ છે. ત્યારે જિલ્લામાં થતા માર્ગઅકસ્માતમાં હાથે પગે ઈજા પામનાર દર્દીઓની સંખ્યા સૌથી વિશેષ હોય છે. જેને પગલે ઓર્થોપેડીક વિભાગની ઓપીડી અને વોર્ડ દર્દીઓથી ભરપુર હોય છે. જયારે સિવિલમાં નાના સળીયા, પ્લાસ્ટર તેમજ સામાન્ય કેક હોય તેવા ૩૮૨ દર્દીઓના ઓપરેશન થયા છે. જયારે પ્લેટ નાંખવાની હોય મોટા સળીયા નાંખવાના હોય તેવા મેજર ઓપરેશન ૧૦૯૩ જેટલા દર્દીઓના કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૬ના જાન્યુઆરી માસમાં કુલ-૯૨ ઓપરેશન તેવીજ રીતે ફેબ્રુઆરી માસમાં ૯૬, માર્ચમાં ૧૨૯, એપ્રીલમાં ૧૬૪, મે માસમાં ૧૨૨, જુનામાં ૧૩૫, જુલાઈમાં ૧૭૧, ઓગસ્ટમાં ૧૧૬, સપ્ટેમ્બરમાં ૧૨૫, ઓક્ટોબરમાં ૯૫, નવેમ્બરમાં ૧૨૨ તેમજ ડિસેમ્બરમાં ૧૦૯ ઓપરેશન ઓર્થોપેડીક વિભાગના નિષ્ણાંત તબિબો દ્વારા કરવામાં આવ્યા છે. હોસ્પિટલમાં દર્દીઓના ધસારાને કારણે ઓર્થોપેડીક વિભાગ સતત ધમધમતો રહે છે.

રાજય નાણાકીય નિગમ સ્ટાફ યુનિયન દ્વારા ૭મા પગારપંચ મામલે સુત્રોચ્ચાર

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત રાજય નાણાકીય નિગમ, પ્રવાસન નિગમ,ઈન્ડેક્ષ બી તેમજ ઉર્જા વિકાસ નિગમના કર્મચારીઓએ ૭માં પગારપંચનો અમલ રાજય સરકાર દ્વારા નહીં કરવામાં આવતા તાજેતરમાં કચેરી ખાતે રિષેશ સમય દરમિયાન સુત્રોચ્ચાર કરીને રોષ વ્યકત કર્યો હતો. રાજય સરકારની ભાગલાવાદી અને ભેદભાવભરી નિતીનો વિરોધ ગુજરાત રાજય બોર્ડ નિગમ કર્મચારી મહામંડળ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. અધિકારીઓ-કર્મચારીઓ કાળીપટ્ટી ધારણ કરીને ફરજ બજાવી રહ્યા છે. જયારે ૭માં પગારપંચનો લાભ ન મળે ત્યાં સુધી સુત્રોચ્ચારના કાર્યક્રમો વિવિધ બોર્ડ નિગમ અને સરકારી સાહસોની કચેરી ખાતે કાર્યરત રહીને માંગને વધુ ઉગ્ર બનાવવામાં આવશે.આ સુત્રોચ્ચાર કાર્યક્રમમાં વાય.એફ.મનસુરી, નવીનભાઈ રાઠોડ, તેમજ રોહિત પટેલસહિત હોદેદારો હાજર રહ્યા હતા.

આજે ત્રિદલ સંસ્થાની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી 'ત્રિદલ' સંસ્થાની માસિક બેઠક રવિવાર, તા. ૨૬ માર્ચના રોજ સાંજે ૫.૦૦ કલાકે નામન ઍપાર્ટમૅન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સૅક્ટર-૨૧, ગાંધીનગર ખાતે મળશે.

આ બેઠકમાં ગુજરાત ટૅલીવિઝન પ્રા.લિ.ના પ્રોગ્રામ ડિરેક્ટર અને જાણીતા શાયર શૈલેષ પંડ્યા 'ભીનાશ- એક શાયર કે નામ' કાર્યક્રમ અંતર્ગત પોતાની કૅફિયત અને ગઝલો રજૂ કરશે. સંસ્થાના સભ્યો, સર્જકો, ભાવકો અને રસ ધરાવતા સૌ નાગરિકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ ભાનુભાઈ પુરાણીએ નિમંત્રણ પાઠવ્યું છે.

મંજુરી વિના વિરોધ કરવા આવેલા કાર્યકરો ડીટેઈન

ગાંધીનગર, તા.૨૫

ભારતીય મુકતી મોરચા દ્વારા દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો છે. ચુંટણીમાં ઈવીએમ મશીન હટાવો અને બેલેટ લાવોની મુખ્ય માંગણી સાથે દેશવ્યાપી વિરોધ કરવામાં આવ્યો છે. પુર્ણીમા કાટકરની આગેવાની હેઠળ દરેક રાજયની રાજધાનીમાં કાર્યક્રમ અપાયો છે. પરંતુ ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં વિરોધની મંજુરી આપવામાં આવી ન હતી તે છતાં કાર્યકરો આજે સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે વિરોધ પ્રદર્શન માટે એકત્ર થયા હતા. જો કે પોલીસે તે તમામને ડીટેઈન કરી લઈ પોલીસ હેડકવાર્ટર ખાતે રાખ્યા બાદ સાંજે મુકત કર્યા હતા.

કોલવડા નજીક રેલવે ટ્રેક ક્રોસ કરતા રાંધેજાના યુવાનને ટ્રેનની ટક્કર

કોલવડા પાસે રેલવે ટ્રેક પર બની ઘટના : માથે ગંભીર ઈજાઓ થતા સ્થળ પર જ મૃત્યુ : ઘટના કેવી રીતે સર્જાઈ તેની તપાસ ચાલુ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીક કોલવડા ગામની સીમમાંથી પસાર થતી રેલવે ટ્રેક પર ગઈ મોડી સાંજે રાંધેજાનો એક યુવાન ક્રોસ કરી રહ્યો હતો ત્યારે સડસડાટ આવેલી ટ્રેનની ટકકર આ યુવાનને લાગતા તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં સ્થળ પર જ પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટના કેવી રીતે સર્જાઈ તે અંગે ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

રાંધેજા ગામના વ્યાસ વાસમાં રહેતો ૩૦ વર્ષીય યુવાન અંકિતકુમાર મધુસુદન રાવલ ગઈ મોડી સાંજે સાડા આઠથી નવ વાગ્યાના અરસામાં કોલવડા નજીકથી પસાર થતી રેલવે ટ્રેક પાસેથી નીકળ્યો હતો. કોઈ કારણોસર બેધ્યાન આ યુવાન અંકિતકુમાર રેલવે ટ્રેક ઓળંગી રહ્યો હતો તે અરસામાં ધસમસતી

આવતી ટ્રેને તેને અડફેટે લઈ લીધો હતો. માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા અંકિતનું બનાવ સ્થળ પર જ કમકમાટીભર્યું મૃત્ય નિપજયું હતું. પ્રાથમિક તપાસ માટે પહોંચેલી પેથાપુર પોલીસને હત્યા થઈ હોવાની વાતો ચર્ચાતી સાંભળવા મળી હતી. આ શંકાસ્પદ ટ્રેન ટકકર અંગે પેથાપુર પીએસઆઈ વી.બી. દેસાઈ તથા તેમની ટીમે તપાસ શરુ કરી દરમિયાન એક આઈ વીટનેશ મળી આવ્યો છે જેણે આ અકસ્માત જોયો હતો. તેના નિવેદન આધારે અકસ્માત મોતનો ગુનો દખલ કરી પેથાપુર પોલીસે ઘટના કેવી રીતે સર્જાઈ તે અંગે બારીકાઈથી તપાસ આરંભી છે.

ગુજરાત વણકર સેવા સમાજ દ્વારા ૨૧મો જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત વણકર સેવા સમાજ, અમદાવાદ દ્વારા તા. ૨૩-૪-૨૦૧૭ને રવિવારના રોજ બપોરે ૨.૦૦ કલાકે બાબા સાહેબ આંબેડકર ભવન, સરસપુર, અમદાવાદ દ્વારા ૨૧મા જીવન સાથી પસંદગી સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. આ જીવનસાથી પસંદગી સંમેલનમાં ભાગ લેવા ઈચ્છતા ગાંધીનગરના યુવક યુવતીઓએ ગુજરાત વણકર સમાજમાં પ્રતિનિધિ ડી.એમ. પરમાર, પ્લોટ નં. ૫૪૦/૨, સેકટર નં. ૭-બી, ઉદયભાઈ વાડિયા ૧૭૧/એ કલ્યાણ બેંક સામે પૂર્વ વિભાગ મુ. કલોલ-ગાંધીનગર, કાન્તાબેન ડોડિયા ૪૪૭-ગાયત્રીનગર સેકટર-૨૭, ચંપાબેન વાઘેલા પ્લોટ નં. ૭૯૫/૧, સે-૨-સીનો સંપર્ક કરી તા. ૧-૪-૨૦૧૭ સુધીમાં સંસ્થાના નિયત ફોર્મમાં વિગતો ભરી રજુ કરવા સંસ્થાના દશરથલાલ પરમારે જણાવ્યું છે.

સિસિકા દ્વારા વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા.૨૫

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા સ્વ. એમ.ડી. પટેલ અને સ્વ. એચ.કે. મેવાડા વ્યાખ્યાનમાળા અન્વયે મેહુલકુમાર પી. ભટ્ટનું મહાત્મા મંદિર એક વિહંગાવોકન વિષય પર એક વ્યાખ્યાન સિસિકા દ્વારા તા. ૩૧-૩-૧૭ને શુક્રવારના રોજ સૌ.લે. પટેલ સમાજવાડી, સેકટર-૭ ખાતે સાંજે ૫.૦૦ કલાકે માસિક સભા વખતે આયોજીત કરેલ છે તો સભ્યોને ઉપસ્થિત રહેવા મંત્રી જે.એલ. શાહે અનુરોધ કર્યો છે.

આજે સે-૧૬ ખાતે સમસ્ત જણસારી જનક્ષત્રિય મોચી સમાજની અગત્યની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરમાં વસતા અને સર્વિસ/વ્યવસાય કરતા આપણા સમાજના જ્ઞાતિજનોની દર ત્રણ માટે મિટીંગ, સ્નેહમિલન, સમાચાર સેતુ, વ્યસન મુકિત, કન્યા કેળવણી, આર્થિક સહાય, વીમા સુરક્ષા વિ. જણસારી ટાઈમ્સ, બચત મંડળ, ઈનામ વિતરણ, સાંસ્કૃતિક કાર્યક્રમ, જીવનસાથી પસંદગી, ફૂલ સ્કેપ ચોપડા વિતરણ, મેડીકલ કેમ્પ, શૈક્ષણિક-સામાજીક માર્ગદર્શન, ડાબરા ઉત્સવ, ઉજાણી, શાકોત્સવ, ખીચડી ઉત્સવ, મહિલા મંડળ, યુવક મંડળ, સિનીયર સીટીઝન મંડળ, દુઃખદ પ્રસંગે શ્રધ્ધાંજલિ શુભ પ્રસંગે શુભેચ્છા સંદેશ, વિશિષ્ટ સિધ્ધી, વ્યકિતત્વનું સન્માન વિ. કામગીરી માટે ચર્ચા વિચારણા માટે તા. ૨૬-૩-૨૦૧૭ને રવિવારે સવારે ૧૦ વાગ્યે પાટનગર યોજના ભવન સે-૧૬ના બગીચા ખાતે મિટીંગનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રસ ધરાવતા સર્વે જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા સંસ્થાના કન્વીનર મહેન્દ્ર ચૌહાણે અનુરોધ કર્યો છે. ઉપસ્થિત રહેનારને જાગા સ્વામીનો ફોટો પ્રતિમા આપવામાં આવશે.

૨૦૦ દિવ્યાંગ બાળકો આજે સીમા દર્શન કરશે

ગાંધીનગર, તા. ૨૫

નગરનાં ૨૦૦ જેટલાં દિવ્યાંગ બાળકો માટે સીમા દર્શનના એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન રવિવાર, તા. ૨૬ માર્ચના રોજ કરવામાં આવ્યું છે.

અગ્ર સચિવ સુનયના તોમરની પ્રેરણાથી આયોજિત આ કાર્યક્રમ રાષ્ટ્રીય માધ્યમિક સિક્ષા અભિયાનના નિયામક જે કે ગઢવી અને સંયુક્ત નિયામક ડી એસ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાઈ રહ્યો છે.

પ્રૉજેક્ટ કો-ઓર્ડિનેટર રાજેન્દ્ર પંડ્યા અને વિશિષ્ટ પ્રશિક્ષક જિજ્ઞેશ રાવલના નેતૃત્વમાં નડાબેટ ખાતે આયોજિત આ સીમા દર્શન કાર્યક્રમ હેઠળ દિવ્યાંગ બાળકો બીએસએફ પોસ્ટની મુલાકાત લેશે અને બીએસએફ દ્વારા કરવામાં આવતી પરેડ પણ નિહાળશે. ઉપરાંત તેઓ સીમા પર દેશભક્તિ, પ્રાર્થનાના બે ડાન્સ પણ જવાનો માટે પ્રસ્તુત કરશે.

ઉલ્લેખનીય છે કે આ ૨૦૦ પૈકી મૂક-બધિર બાળકો પણ સીમા દર્શન કરી રહ્યાં છે, જેમને સાઈન લેંગ્વેજથી સમગ્ર કાર્યક્રમની માહિતી આપવામાં આવશે.

હેપ્પી સ્પેરો વિકની બીબીએ કોલેજ ખાતે ઉજવણી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા આજે વિશ્વ સ્પેરો સપ્તાહ નીમીત્તે જનજાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું અને પક્ષી પરબની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં કોલેજના દ્વિતીય વર્ષના ૪૦ વિદ્યાર્થીઓ ઉત્સાહ પૂર્વક જોડાયા હતા. વિદ્યાર્થીઓ દ્વારા સુત્રોચ્ચાર દ્વારા વિશ્વ ચકલી દિવસ નો સંદેશ આપવામાં આવ્યો હતો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા કડી સર્વ વિદ્યાલયના કેમ્પસમાં ચકલીઓ માટે પાણીના કૂંડા ગોઠવવામાં આવ્યા હતા. તેમજ આ કૂંડાઓમાં દરરોજ પાણી ભરવાની તેમજ તેને જાળવવાની જવાબદારી પણ તેમણે સ્વીકારી હતી.

કાર્યક્રમની શરૂઆત કરાવતા કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને સંદેશ આપવામાં આવ્યો હતો કે આપ આપના ગામ, મહોલ્લા, કે શેરીમાં આ બાબતે લોકોને જાગૃત કરજો અને ફક્ત આજના દિવસને યાદ કરી આ પ્રવૃતિ નહી કરતા આને હર હંમેશ યાદ રાખી આ સંવેદનશીલ મુદ્દાની ગંભીરતા પ્રત્યે કાર્ય કરતા રહેશો તો જ આજના દિવસનો સંદેશ સાર્થક ગણાશે. ચકલીઓને લુપ્ત થતી અટકાવવા શું કરવુ જોઈએ તે બાબતે તેઓ ને વિવિધ સૂચન કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. જયેશ તન્ના દ્વારા કરવામાં આવ્યુ હતુ. વિદ્યાર્થીઓની કમિટિ બનાવી તેમણે માર્ગદર્શિત કરવા તેમજ ઉત્સાહી વિદ્યાર્થીઓ ની પસંદગી કરી હતી. તેમજ કોલેજ ના તમામ વર્ગખંડમાં જઈ વિદ્યાર્થીઓને આજના દિવસનું મહત્વ સમજાવ્યુ હતુ. હેપી યુથક્લબ ના પ્રમુખ સમીરભાઈ રામી દ્વારા વિદ્યાર્થીઓને સ્પેરો ડે નુ મહત્વ સમજાવ્યુ હતુ. તેમજ આવા સામાજીક કર્યોમાં જોડાવા તેમણે વિદ્યાર્થીઓને અપીલ કરી હતી. કારોબારી સભ્યો વિજયસિંહ માજીરાણા અને હરકિશન વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા અને કોલેજ સાથે આજના કાર્યક્રમમાં જોડાયા હતા. કોલેજના ભૂતપુર્વ વિદ્યાર્થી દિવ્યાંક પટેલ પણ કાર્યક્રમમાં સહભાગી હતા.

સમગ્ર કાર્યક્રમ કોલેજનાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ તેમજ ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ સમિતિનાં હેડ ડો.જયેશ તન્ના અને ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા પ્રયત્નો કરી સફળ બનાવવામાં આવ્યો હતો.

ચિરવિદાય

- સ્વ. ડઈબેન મંગળદાસ દંતાણી, ઉ.વ. ૭૫
- સ્વ. લીલાબેન છગુજી ખાંટ, ઉ.વ. ૫૦
- સ્વ. દુદાણી પ્રવિણભાઈ વસરામભાઈ, ઉ.વ. ૫૦
- સ્વ. બજાણીયા રમેશભાઈ ડાહ્યાભાઈ, ઉ.વ. ૫૫